કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

# ભારે વરસાદ બાદ અમરેલીના 11 બંધ માર્ગો શરૂ



ભારે વરસાદના કારણે અમરેલી જિલ્લાના અનેક ગ્રામ્ય માર્ગોને નુકસાન પહોંચતાં માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે માર્ગોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. વિભાગની ત્વરિત કામગીરીના પરિણામે જિલ્લામાં બંધ થયેલા માર્ગોમાંથી અત્યાર સુધી 11 માર્ગો ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.માર્ગ અને મકાન પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ સબ-ડિવિઝનની ટીમો સતત મેદાનમાં રહીને અસરગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી કરી રહી છે.

પ્રાથમિક સર્વે દરમિયાન જિલ્લામાં કુલ 78 માર્ગોને નાની-મોટી નુકસાની થયાનું નોંધાયું છે, જેના આધારે પ્રાથમિકતાના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.મરામત કામગીરી માટે જિલ્લામાં 42 જેસીબી, 18 ડમ્પર, 10 ટ્રેક્ટર, રોલર સહિતના સાધનો તેમજ 60થી વધુ શ્રમિકોને કાર્યરત કરવામાં આવ્યા છે. પેચવર્ક, વેટ મિક્સ, લેવલિંગ તેમજ સાઈડ શોલ્ડરની કામગીરી ઝડપી ગતિએ પૂર્ણ કરવામાં આવી રહી છે, જેથી માર્ગો સુરક્ષિત રીતે ફરી વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લઈ શકાય.વિભાગ દ્વારા આગામી 48 કલાકમાં તમામ બંધ માર્ગોને પૂર્વવત કરીને ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર સંપૂર્ણપણે સામાન્ય બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

વરસાદી પરિસ્થિતિ વચ્ચે પણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સતત સ્થળ પર રહી કામગીરીનું મોનિટરિંગ કરી રહ્યા છે અને માર્ગ વ્યવસ્થા ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.માર્ગ અને મકાન પંચાયત વિભાગે નાગરિકોને જરૂરી કામ સિવાય બિનજરૂરી મુસાફરી ટાળવા, સાવચેતીપૂર્વક વાહન ચલાવવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

# ભારે વરસાદમાં હેમાળ નજીક નેશનલ હાઈવે પર સિંહની લટાર



અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે જાફરાબાદ તાલુકાના હેમાળ ગામ નજીક ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર એક સિંહ નિર્ભયપણે લટાર મારતો જોવા મળતાં વાહનચાલકોમાં થોડા સમય માટે ભય અને આશ્ચર્યનો માહોલ સર્જાયો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં આ બનાવે લોકોનું ધ્યાન ખેંચ્યું છે.પ્રાથમિક માહિતી મુજબ ભારે વરસાદના કારણે આસપાસના જંગલ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સિંહ પોતાના કુદરતી રહેઠાણમાંથી બહાર નીકળી હાઈવે સુધી આવી પહોંચ્યો હોવાનું માનવામાં આવે છે. હાઈવે પર સિંહને જોઈને અનેક વાહનચાલકોએ પોતાના વાહનો ધીમા પાડી સાવચેતી રાખી હતી, જ્યારે કેટલાક લોકોએ આ ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો.અમરેલી અને ગીર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોની માનવ વસાહતો અને જાહેર માર્ગો તરફની અવરજવર વધતી જોવા મળી રહી છે.વન વિભાગ દ્વારા વારંવાર વાહનચાલકોને જંગલ વિસ્તાર અને વન્યજીવ સંવેદનશીલ માર્ગો પર ધીમી ગતિએ વાહન ચલાવવા તેમજ કોઈપણ વન્યજીવ જોવા મળે તો તેને હેરાન ન કરવા અને સુરક્ષિત અંતર જાળવવાની અપીલ કરવામાં આવે છે. ભારે વરસાદના સમયમાં વન્યજીવો સ્થળાંતર કરતા હોવાની શક્યતા વધુ રહેતી હોવાથી આવા વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવાની જરૂરિયાત નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

તારીખ : 09/07/2026

# નવજાત શિશુ માટે 108 નિયોનેટલ એમ્બ્યુલન્સ બની આશા નું કિરણ






આજ રોજ તારીખ 9 જુલાઈ 2026 ના રોજ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા હોસ્પિટલમાં એક નવજાત શિશુ નો જન્મ થયો હતો એક દિવસ ના નવજાત શિશુ ની તબિયા બગડતા નવજાત શિશુ ને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે જેથી આજરોજ એ નવજાત શિશુને ઓક્સિજન ની જરૂરિયાત અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હતું જે થી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર હોસ્પિટલ સાવરકુંડલા થી અમરેલી સિવિલ લઈ જવા માટે ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈએમઆઈ આર આઈ ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલિત ૧૦૮ નીઓનેટલ એમ્બ્યુલન્સ સાવરકુંડલા ખાતે કાર્યરત છે જેની મદદ થી બાળકને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી ઓક્સિજન સાથે ટ્રાન્સપોર્ટ ઈન્ક્યુબેટર એટલે કે નવજાત શિશુને લઈ જવા માટેનું ઉષ્માનિયંત્રક (કૃત્રિમ ગરમી આપતું વાહન) થાય છે. જે ની મદદ થી અમરેલી સિવિલ ખાતે સુરક્ષિત લઈ જવાયા હતા.તેમજ આવીજ રીતે ગત રોજ તારીખ 07 જુલાઈ 2026 ના રોજ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી એક નવજાત શિશુ જેની ઉંમર માત્ર બે દિવસ ની હતી જે બાળક ને ખેંચ આવતી હતી તેમજ શ્વાસ લેવામાં તકલીફ જણાય હતી જે થી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા થી  વધુ તપાસે અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હોય તે બાળક ને પણ સાવરકુંડલા ખાતે ખાસ નવજાત શિશુ માટે કાર્યરત એવી નિયોનેટલ એમ્બ્યુલન્સ દ્વારા નવજાત શિશુ ને સલામત રીતે લઈ જવામાં આવ્યું હતું.અમરેલી જિલ્લા માં સાવરકુંડલા ખાતે નવજાત શિશુઓ માટે ખાસ નિયોનેટલ એમ્બ્યુલન્સ કાર્યરત છે જેમાં ખાસ કરી ની 0 થી 28 દિવસના નવજાત બાળકોને કોઈ પણ તકલીફ હોય તો તેમને તાત્કાલિક અને સુરક્ષીત રીતે  હોસ્પિટલ સુધી પહોંચાડવા આ એમ્બ્યુલન્સ ચોવીસ કલાક કાર્યરત રહેશે. તેમજ આ એમ્બ્યુલન્સ માં (૧)| એડવાન્સ ઈન્ક્યુબેટરઃ- નવજાતને શિશુ ને ગર્ભાશય જેવું  સુરક્ષિત અને કુદરતી તાપમાન પૂરું પાડવા માટે ખાસ મશીન. (૨) નિયોનેટલ| વેન્ટીલેટર અને ઓક્સિજન સિસ્ટમઃ- શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા બાળકો માટે મુસાફરી દરમિયાન જ અત્યાધુનિક શ્વસન તંત્રની સુવિધા.(૩) મલ્ટીપેરા મોનિટરઃ-| બાળકના હૃદયના ધબકારા અને ઓકિસજન લેવલ પર સેકન્ડ-| સેકન્ડ નજર રાખવા માટેનું મોનિટર.(૪) તાલીમબદ્ધ મેડિકલ સ્ટાફઃ- મુસાફરી દરમિયાન બાળકની કટોકટીની પરિસ્થિતિને સંભાળવા માટે ખાસ અનુભવી ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન જેવી અદ્યતન સુવિધાઓ મળી રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના

## 78 માં સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ!




"જ્ઞાન • શીલ • એકતા" ના પવિત્ર ધ્યેય સાથે રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પિત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સ્થાપના દિવસે તમામ કાર્યકરો, પૂર્વ કાર્યકરો અને શુભેચ્છકોને હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ...

રાષ્ટ્રપ્રેમ, સેવા, સંસ્કાર અને વિદ્યાર્થી શક્તિના સશક્તિકરણ માટે આપનું યોગદાન સતત પ્રેરણાદાયી બને તેવી શુભકામનાઓ...

ભારત માતા કી જય!





## અરવિંદકુમાર મેવાડા

દંડક નગરપાલિકા, સાવરકુંડલા

પૂર્વ નગર મંત્રી સાવરકુંડલા શાખા A.B.V.P

પૂર્વ પ્રદેશ ડેલીગેટ A.B.V.P

તારીખ : 09/07/2026

# અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં ભારે વરસાદના લીધે અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચી સ્થળ મુલાકાત કરતાં ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા










## ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા,રાજુલાના ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી સહિત પ્રાંત અધિકારીશ્રીઓ પણ રાજ્યમંત્રીશ્રીની મુલાકાત વેળાએ ઉપસ્થિત રહ્યા

અમરેલી, ગુરુવાર, ૦૯ જુલાઈ, ૨૦૨૬ (ગુરુવાર) - તાજેતરમાં અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં થયેલ ભારે વરસાદને પગલે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ અસરગ્રસ્ત ગ્રામ્ય પંથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. રાજ્યમંત્રીશ્રીએ ખેતીવાડી વિસ્તાર, પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું જાતે જ નિરીક્ષણ કર્યું હતું અને સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુલાકાત વેળાએ ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડિયા અને રાજુલાના ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી પણ સાથે જોડાયા હતા. રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી, ધારી અને ખાંભા તાલુકાના કેરિયાચાડ, ખડ ખંભાળિયા, શંભુપરા, સોનારિયા, લાપાળિયા, નાના ગોખરવાળા, ચાંદગઢ, મોટા ગોખરવાળા તેમજ ધારીના ગરમલી, કથીવદર અને ચરખા ઉપરાંત ખાંભાના કંટાળા સહિતના ગામોની પ્રત્યક્ષ મુલાકાત કરીને ગ્રામજનો પાસેથી પણ વિગતે માહિતી મેળવી હતી. વિવિધ ગ્રામ્ય પંથકોની મુલાકાત દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિ, સ્થાનિક નદી-નાળાની સ્થિતિ અને ધોવાણ પામેલા મુખ્ય તથા આંતરિક રસ્તાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક રજૂઆતો અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખીને રાજ્યમંત્રીશ્રીએ વિવિધ ગામડાઓમાં જ્યાં જરૂરિયાત જણાય ત્યાં અને ગ્રામજનોની રજૂઆતોના પગલે રોડ-રસ્તાની તાત્કાલિક મરામત કરવા, પૂરના પાણીથી બચાવ માટે સુરક્ષા દિવાલ (પ્રોટેક્શન વોલ) બનાવવા તેમજ આવાગમન સુવિધા માટે નવા માઈનર બ્રિજ,સ્લેબડ્રેઈન સહિતના કામો ઝડપભેર કરવા બાબતે ઉપસ્થિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી હતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ભારે વરસાદના કારણે ખેતીવાડી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખોરવાયેલા વીજ માળખા અંગે રાજ્યમંત્રીશ્રીએ ગંભીરતા દાખવી હતી અને પૂરના કારણે ધરાશાયી થયેલા વીજપોલ અને ક્ષતિગ્રસ્ત બનેલી વીજલાઈનોનું રીસ્ટોરેશન-રીપેરીંગ કામ ઝડપથી પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલના તંત્રને સ્થળ પર જ આદેશ સાથે સૂચનાઓ આપી હતી. ખાસ કરીને ખેડૂતોને હાલાકી ન ભોગવવી પડે તે માટે ખેતીવાડી ક્ષેત્રનો વીજ પુરવઠો ત્વરાએ ટૂંકા સમયમાં પૂર્વવત કરવા તાકીદ કરી હતી.અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોની રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની સ્થળ મુલાકાત દરમિયાન તાલુકા પંચાયત હોદ્દેદારો, સરપંચશ્રીઓ, સ્થાનિક અગ્રણીઓ, અમરેલી પ્રાંત અધિકારી શ્રી નાકિયા, ધારી પ્રાંત અધિકારી શ્રી અર્પણ ચાવડા, માર્ગ અને મકાન વિભાગ-રાજ્ય અને પંચાયતના અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારીશ્રી, પી.જી.વી.સી.એલ અધિકારીશ્રી અને ઈજનેરશ્રીઓ, સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમંત્રીશ્રીએ ગ્રામ્ય પંથકમાં વરસાદથી અસરગ્રસ્ત ખેતીવાડી વિસ્તારો, ગ્રામ્ય વિસ્તારોમાં નદી-નાળા, ધોવાણ થયેલ જમીન અને રસ્તાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું

सा विद्या या विमुक्तये

धर्मो रक्षति रक्षितः

श्री स्वामि नारायण गुरुकुल सावर कुंडला

# Shree Swaminarayan Gurukul Savarkundla

# Required Teacher

## B.Sc. B.Ed. (Mathematics)

## For English Medium

Candidates are requested to send their application to the WhatsApp Or Email address given below.


Managing Trustee,

**Swami Aksharmuktdasji**

Shree Swaminarayan Gurukul - Savarkundla

WhatsApp No. 8980329806,

Email ID. skgurukul212@gmail.com

તારીખ : 09/07/2026

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા, "Say No To Drugs" અંતર્ગત બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું







રાજ્ય સરકારના નશામુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા તથા યુવાનો અને નાગરિકોમાં ડ્રગ્સના વ્યસનથી થતા ગંભીર શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક નુકસાન અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાના હેતુથી અમરેલી જિલ્લા પોલીસ દ્વારા "Say No To Drugs" અભિયાન અંતર્ગત બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બાઈક રેલીમાં પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ તથા અન્ય સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નશાના દૂષણ સામે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી રેલી દરમિયાન નાગરિકોને ડ્રગ્સ અને અન્ય માદક પદાર્થોથી દૂર રહેવા, સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તથા સમાજને નશામુક્ત બનાવવા માટે સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી.અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ડ્રગ્સનું વ્યસન માત્ર વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું ભવિષ્ય જોખમમાં મૂકે છે. ખાસ કરીને યુવાનો દેશનું ભવિષ્ય હોવાથી તેઓ નશાના રવાડે ન ચડે તે માટે સતત જાગૃતિ કાર્યક્રમો, સેમિનાર, રેલીઓ અને વિવિધ જનસંપર્ક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.અમરેલી જિલ્લા પોલીસનું "Say No To Drugs" અભિયાન સમાજમાં નશા વિરોધી જનજાગૃતિ ફેલાવવા તેમજ યુવાનોને સ્વસ્થ, સુરક્ષિત અને જવાબદાર જીવન તરફ પ્રેરિત કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

તારીખ : 09/07/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# દુકાન ફેરવેલ છે....

# ભારત ઇલેકટ્રીક

: નવું સ્થળ :

નવા બસ સ્ટેશન પાસે, મહુવારોડ, હોટલ રતનની સામે, સાવરકુંડલા.

મો. 73831 90559

97377 36678

કે.ડી. NEWS
તારીખ : 09/07/2026

# સરકારના NTEP કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલાના આંબરડી-આદસંગમાં એક્સ-રે શિબિર યોજાઈ : 170 લાભાર્થીઓનું ટીબી સ્ક્રિનિંગ



સરકારના રાષ્ટ્રીય ક્ષયરોગ નિર્મૂલન કાર્યક્રમ (NTEP) અંતર્ગત સાવરકુંડલાના આંબરડી અને આદસંગ ગામે હેન્ડી એક્સ-રે મશીન દ્વારા વિશેષ ટીબી સ્ક્રિનિંગ અને એક્સ-રે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 100 દિવસીય સઘન અભિયાન અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં વલ્નરેબલ (જોખમી) વર્ગના લોકોનું આરોગ્ય પરીક્ષણ કરીને ટીબી સામે સમયસર નિદાન અને સારવાર અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી.શિબિર દરમિયાન ટીબીની સારવાર લઈ રહેલા દર્દીઓના સંપર્કમાં આવેલા વ્યક્તિઓ, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને કેન્સર જેવા રોગોથી પીડાતા દર્દીઓ, 60 વર્ષથી વધુ ઉંમરના નાગરિકો તેમજ 14 વર્ષથી વધુ ઉંમરના લોકોનું હેન્ડી એક્સ-રે મશીન દ્વારા સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં આંબરડી અને આદસંગ ગામના કુલ 170 લાભાર્થીઓએ એક્સ-રે કરાવી સેવાનો લાભ લીધો હતો. સ્ક્રિનિંગ દરમિયાન કોઈપણ વ્યક્તિમાં ટીબી સંબંધિત શંકાસ્પદ લક્ષણો કે ખામી જણાય તો તેમને સરકાર દ્વારા ઘરબેઠાં સંપૂર્ણ નિઃશુલ્ક તપાસ અને ટીબીની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી માહિતી આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી હતી.શિબિરનો શુભારંભ આંબરડી અને આદસંગ ગામના સરપંચશ્રીઓના હસ્તે કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. મીના સાહેબ, પીએચસી આંબરડીના મેડિકલ ઓફિસર, જિલ્લા સુપરવાઈઝર જતીનભાઈ વ્યાસ તથા તાલુકા સુપરવાઈઝર મુકેશભાઈ ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.કાર્યક્રમને સફળ બનાવવા માટે એક્સ-રે ટેક્નિશિયન નિસર્ગભાઈ વિસાણી, જીજી હિતેશભાઈ તથા જીન્જી વિજયભાઈ સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓએ નોંધપાત્ર સહકાર આપ્યો હતો.

તારીખ : 09/07/2026

# શ્રી ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના 61માં જન્મદિવસ નિમિત્તે સાવરકુંડલામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન





શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન અને સમાજસેવી શ્રી નરેશભાઈ પટેલના 61મા જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિવિધ માનવસેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે સાવરકુંડલામાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જ્યોતા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.આ બ્લડ ડોનેશન કેમ્પ તા. 11 જુલાઈ, 2026 શનિવારના રોજ સવારે 8:00 કલાકે પટેલવાડી, વજલપરા, સાવરકુંડલા ખાતે યોજાશે. કાર્યક્રમનું આયોજન શ્રી ખોડલધામ પરિવાર, સાવરકુંડલા દ્વારા કરવામાં આવ્યું છે.આયોજકો દ્વારા શહેર તેમજ આસપાસના વિસ્તારોના યુવાનો, સમાજના આગેવાનો અને રક્તદાતાઓને પરિવાર અને મિત્રમંડળ સાથે ઉપસ્થિત રહી રક્તદાન જેવા મહાદાનમાં સહભાગી બનવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કેમ્પમાં રક્તદાન કરનાર દરેક રક્તદાતાને ખોડલધામ સમિતિ, બ્લડ બેન્ક તથા હિંમતભાઈ લાખાણીના સહયોગથી લેડીઝ છત્રી સહિત કુલ ત્રણ આકર્ષક ભેટો અર્પણ કરવામાં આવશે.નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ કેમ્પ, વૃક્ષારોપણ સહિત વિવિધ લોકકલ્યાણ અને માનવસેવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.આ પ્રસંગે આયોજન સમિતિએ વધુમાં જણાવ્યું હતું કે રક્તદાન દ્વારા અનેક દર્દીઓને નવું જીવન મળી શકે છે. તેથી વધુમાં વધુ લોકો રક્તદાન કરીને માનવસેવાના આ પવિત્ર કાર્યમાં જોડાય અને સમાજને પ્રેરણારૂપ સંદેશ આપે તેવી અપીલ કરવામાં આવી છે.વધુ માહિતી માટે મો. 8128765649 તથા 8866365736 પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 09/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# હવે બનશે આપના ધંધા ની ડીઝીટલ પ્રોફાઇલ

## દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

## જેમાં આપને મળશે..

* તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
* તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
* ગ્રાહકો સાથે સીધી વાત
* ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
* મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
* ગ્લોબલ ટાર્ગેટ ઓડીયન્સ
* વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર




વધુ વિગત માટે વાંચતા રહો...

તારીખ : 09/07/2026

# ધારીની મન મંદિર સ્કુલમાં વેશભુષા સ્પર્ધા યોજાઇ



અમરેલી જિલ્લાના ધારી ખાતે આવેલ મનમંદિર શૈક્ષણિક સંકુલ દ્વારા વેશભૂષા સ્પર્ધા ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાલમંદિરથી લઈને ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પૌરાણિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણલક્ષી પાત્રોની આકર્ષક વેશભૂષા ધારણ કરી સૌનું મન મોહી લીધુંહતું. જેમાં ભગવાન રામ, લક્ષ્મણ, સીતાજી, લવ-કુશ, મોગલ માતાજી, ખોડિયાર માતાજી, ગંગામૈયા, પાર્વતીજી, ભગવાન શિવ, ગોવાળ, ભરવાડ, શિક્ષક, ખેડૂત, પરી સહિતના પાત્રોનું સરસ નિરૂપણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફની અથાગ મહેનત રંગ લાવી હતી. ખાસ કરીને મોરવાડીયા સ્નેહાબેન અને માલણીયા સુજલબેને કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં વિશેષ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના આચાર્ય વ્યાસ પ્રિયંકાબેને આપ્યું હતું. તેમના માર્ગદર્શન અને સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સંસ્થાના ડાયરેક્ટર ભરતભાઈ વાળાએ જણાવ્યુંહતું કે આવી પ્રવૃત્તિઓબાળકોમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનું જ્ઞાન વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તારીખ : 09/07/2026

# લીલીયાના ડૉ. જયંતીભાઈ કુંભાણીએ ૬૦ વૃક્ષો વાવી અનોખી રીતે ઉજવ્યો ૬૦મો જન્મદિવસ



જન્મદિવસને સમાજ ઉપયોગી કાર્ય સાથે જોડવાનો પ્રેરણાદાયી સંદેશ આપતાં અમરેલી જિલ્લાના લીલીયાના જાણીતા તબીબ ડૉ. જયંતીભાઈ કુંભાણીએ પોતાના ૬૦મા જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી. તેમણે લીલીયા ખાતેની વાણિજ્ય કોલેજના પરિસરમાં ૬૦ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે ડૉ. કુંભાણીએ વૃક્ષોનું જતન અને પર્યાવરણના સંવર્ધન માટે સૌએ આગળ આવવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર હરિયાળી જ નહીં, પરંતુ ભાવિ પેઢીને સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ આપવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

ડૉ. કુંભાણીની આ સેવાભાવી અને પર્યાવરણપ્રેમી પહેલને સ્થાનિક આગેવાનો, મિત્રવર્તુળ, શુભેચ્છકો તેમજ નાગરિકોએ હર્ષભેર બિરદાવી હતી.

જન્મદિવસની ઉજવણીને સમાજહિતના કાર્ય સાથે જોડવાનો તેમનો પ્રયાસ સૌ માટે પ્રેરણારૂપ બન્યો હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 09/07/2026

# આજે ગુરુદત્તની જન્મજયંતિ



ભારતીય સિનેમાને કલાત્મક અભિવ્યક્તિ, સંવેદનશીલ દિગ્દર્શન અને અદભૂત અભિનયની નવી દિશા આપનાર દિગ્દર્શક, અભિનેતા અને નિર્માતા ની જન્મજયંતિ નિમિત્તે આજે દેશભરમાં સિનેપ્રેમીઓ અને કળાકારોએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.ગુરુદત્તનું નામ ભારતીય ફિલ્મ ઈતિહાસમાં અવિસ્મરણીય સ્થાન ધરાવે છે. તેમણે પોતાના દિગ્દર્શન અને અભિનય દ્વારા એવી ફિલ્મો સર્જી કે જે આજે પણ કલાત્મક શ્રેષ્ઠતાના ઉત્તમ ઉદાહરણ તરીકે ઓળખાય છે. તેમની ફિલ્મોમાં માનવીય સંવેદનાઓ, પ્રેમ, સમાજની વાસ્તવિકતા અને જીવનના સંઘર્ષનું અત્યંત અસરકારક ચિત્રણ જોવા મળે છે.

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

## માત્ર 249 — 1 વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ
(આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

તારીખ : 09/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 09/07/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ઘરમાં એક દિવસ કચરાને રાખીને જો પ્રસન્નતાપૂર્વક જીવી શકાતું નથી તો જે વ્યક્તિ ગામ આખાના દોષોના કચરાને મનમાં રાખીને જીવતો હોય એની પ્રસન્નતાની સ્મશાનયાત્રા નીકળી જ ચૂકી હોય એમાં કોઈ શંકા ખરી ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 09/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

**3448**
**09/07/2026**
**Thursday**

## आत्मा

"औरा" जितना शुद्ध होगा
उतना ही वह पवीत्र व
सशक्त होगा

बाबास्वामी
9/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**એક** ભાઈ દોડીને ચાલુ વરસાદ એ પલળીને આવ્યા અને થેલી પણ હતી કોઈએ પૂછ્યું આ શું એ ભાઈ કહે હું નવો રેઈનકોટ લઈને આવતો હતો અને વરસાદ શરૂ થયો રેઈનકોટ પલળી ન જાય એટલે દોડીને આવ્યો છું....

**પત્નીએ** પતિને પૂછ્યું ક્યાં છોવો પતિએ કહ્યું તે દિવસે તને બહુ સોનાનો ચેન ગમ્યો હતો જે દુકાને મેં કહ્યું હતું હું પછી લઈ દઈશ પત્ની તો ખુશ થઈ ગઈ હા હા બોલો બોલો પતિ કહે બસ એ દુકાનની બાજુમાંથી એક કિલો ચોખાના પૌવા લઉં છું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 09/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૯ જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૮૧૦ – નેપોલિયને પ્રથમ ફ્રેન્ચ સામ્રાજ્યના ભાગ રૂપે હોલેન્ડ રાજ્ય પર કબ્જો જમાવ્યો.

૧૮૧૬ – આર્જેન્ટિનાએ સ્પેનથી સ્વતંત્રતાની ઘોષણા કરી.

૧૮૭૫ – ભારતીય શેર બજાર બોમ્બે સ્ટોક એક્ષચેન્જની સ્થાપના કરવામાં આવી.

૧૮૯૩ – અમેરિકન હાર્ટ સર્જન ડેનિયલ હેલ વિલિયમ્સને એનેસ્થેસિયા વિના યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ સફળ ઓપન-હાર્ટ સર્જરી કરી.

૧૯૪૮ – પાકિસ્તાને પોતાની પ્રથમ ટપાલ ટિકિટ (Postage stamp) પ્રકાશિત કરી.

૧૯૫૧ – જવાહરલાલ નેહરુએ સંસદમાં પ્રથમ પંચવર્ષીય યોજના રજૂ કરી.

૧૯૯૧ – દક્ષિણ આફ્રિકાને 30 વર્ષના પ્રતિબંધ પછી ફરીથી ઓલિમ્પિક રમતોત્સવમાં પ્રવેશ મળ્યો.

૨૦૧૧ – દક્ષિણ સુદાન, સુદાનથી અલગ થઈ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

## જન્મ

૧૯૨૫ – ગુરુ દત્ત, ભારતીય અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા (અ. ૧૯૬૪)

૧૯૩૮ – સંજીવ કુમાર, ભારતીય ફિલ્મ અભિનેતા (અ. ૧૯૮૫)

## અવસાન

૧૯૬૭ – ફાતિમા ઝીણા, પાકિસ્તાની દંત ચિકિત્સક, ચરિત્રલેખક, રાજનેત્રી, મહમદ અલી ઝીણાના નાના બહેન અને પાકિસ્તાનના મુખ્ય સંસ્થાપકોમાંના એક (જ. ૧૮૯૩)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 09/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 09/07/2026

કે.ડી. NEWS


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K | 52K | 34K | 100K

**સંપર્ક : મો. 94997 97973**